# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **શનિવાર તા.૧૯–૪–૨૦૨૫ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૯–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોનમાં વોર્ડ નં.૧(નાનપુરા), ટી. એન્ડ ટી.વી. સ્કુલની નજીક આવેલ એક સાઈટ રોડ ઉપર "ઓન સ્ટ્રીટ પે એન્ડ પાર્ક" ને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર શ્રી રામ એજન્સીની રૂા.૯,૦૦,૦૦૦/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૯–૪–૨૦૨૫ નો પત્ર, પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં આવેલ ન્યુ બોમ્બે માર્કેટની સામે આવેલ નવા ફલાય ઓવર બ્રીજની નીચે પાર્કીગ માટે નિયત કરેલ જગ્યામાં 'પે એન્ડ પાર્ક' ને લગતી સેવાઓ મુકરર દરે પુરી પાડવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી મહત્તમ ઓફર આપનાર ટેન્ડરર એ.આર.એન્ટરપ્રાઈઝની રૂા.૧૨,૧૧,૧૧૧/– ની ઓફર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૮–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ ધોરણે જુદા જુદા પ્રકારની ખુરશી તથા ટેબલ ખરીદવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી દરખાસ્તના પત્રક–બ માં જણાવેલ વિગતે આઈટમ નં.(૧), (૨) અને (૭) માટે લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર ભાવના સ્ટીલ ઈકિવપમેન્ટસ, અમદાવાદ પાસેની રૂા.૪૨,૬૪,૦૭૨–૭૮ તથા આઈટમ નં.(૩), (૪), (૫), (૬) અને (૮) માટે લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર મીસ્ત્રી વુડ વર્કસ, અમદાવાદ પાસેથી રૂા.૨૧,૮૦,૨૬૫/– મળી તમામ આઈટમો કુલ રૂા.૬૪,૪૪,૩૩૭–૭૮ ના ખર્ચે ખરીદવા અંગે નિર્ણય લેવા તથા સદર ટેન્ડરરો સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ વેસ્ટ ઝોનમાં આવેલ સુરત મહા.ના વિવિધ રીઝર્વેશન પ્લોટની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર એ.એ.બાંભરોલીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૨૯,૩૭,૪૪૪–૬૯ થી ૩૭% નીચા ભાવે એટલે કે રૂા.૮૧,૫૦,૫૯૦–૧૬ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં સાઉથ ઈસ્ટ ઝોનમાં ડીંડોલી જળવિતરણ મથકના પાણી પુરવઠાના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કના વિસ્તારમાં જુદા–જુદા ટી.પી. રસ્તાઓ ઉપર ૧૦૦ મી.મી. થી ૭૦૦ મી.મી. વ્યાસની જરૂરી ડી.આઈ.સી.એલ.ની પાણી પુરવઠાની નળીકા શીફટીંગ, પીસવર્કમાં લાઈન નાંખવા તેમજ પાઈપ લાઈનના રીપેરીંગ/મરામતના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર કેયુર બી. પટેલ, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૩૪,૮૪,૯૬૪–૩૩ થી ૧૪.૨૫% નીચુ એટલે કે રૂા.૨૯,૮૮,૩૫૬–૯૧ તેમજ લાગુ પ્રવર્તમાન GST અલગથી ચુકવવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૦૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૫–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા. સંચાલિત સાયન્સ સેન્ટર માટે મિકેનાઈઝડ હાઉસકીપીંગની કામગીરી(તમામ મટીરીયલ, સાધનો, લેબર, તમામ પ્રકારનું ટ્રાન્સપોર્ટેશન વિગેરે સહિત) કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર શાહ સુમતિભાઈ બી. પાસે માસિક રૂા.૧,૨૫,૧૦૦/– + GST પ્રમાણે વાર્ષિક રૂા.૧૫,૦૧,૨૦૦/– + GST તથા ૫(પાંચ) વર્ષના રૂા.૭૫,૦૬,૦૦૦/– + GST ના ખર્ચે ઉકત કામગીરી કરાવવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તેમજ ટેન્ડરની શરત નં.૨૩ અનુસાર ૦૩(ત્રણ) વર્ષની કામગીરી પૂર્ણ થતા સમીક્ષા કરી કામગીરી સંતોષકારક જણાય તો વધુ ૦૨(બે) વર્ષ માટે અગાઉના વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ જ સદર કામગીરી સોંપવા અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિને અધિકૃત કરવા બાબત.

૦૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૪–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈ પ્રિમોન્સુન કામગીરીના ભાગ રૂપે વિવિધ રસ્તાઓ ઉપર સ્ટોર્મ ડ્રેનેજ લાઈનના ઈનલેટ ચેમ્બર્સને પીળો કલર તથા કલર નોટેશન કરવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર વાય.એમ.કન્સ્ટ્રકશનને ઈનલેટ ચેમ્બર્સ સાઈઝ ૯૦૦ × ૭૫૦ માટે ૦૧ નંગ દિઠ રૂા.૫૦/– લેખે કુલ નંગ–૧૦૦૦૦ ના રૂા.૫,૦૦,૦૦૦/– અને ચેમ્બર્સ સાઈઝ ૭૫૦ × ૬૦૦ માટે ૦૧ નંગ દિઠ રૂા.૩૫/– લેખે કુલ નંગ–૩૦૦૦ ના રૂા.૧,૦૫,૦૦૦/– મળી કુલ રૂા.૬,૦૫,૦૦૦/– ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા સુરત મહા.ના અન્ય ઝોન વિસ્તારના સમાન પ્રકારના કામોએ પણ સદર ટેન્ડર હેઠળ મંજુર ભાવોને યુનિટ રેઈટ તરીકે આગામી ૦૧ વર્ષ માટે અથવા નવા યુનીટ રેઈટ મંજુર ન થાય ત્યાં સુધી મંજુર કરવા/માન્ય ગણવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તથા સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવનાર અન્ય ઈજારદારો પાસે મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવે અને શરતોને આધિન કામગીરી સોંપવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૪–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોનમાં સબઝોન–૫ વિસ્તારમાં સ્ટોર્મ ડ્રેનેજ લાઈનના ઈન્લેટ ચેમ્બર્સ/આર.સી.સી. બોક્ષ તેમજ મશીનહોલ ડીસીલ્ટીંગ કરવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર શ્રી વિનાયક કોર્પોરેશનને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૦,૩૪,૨૫૦/– થી ૪૩.૮૦% નીચા ભાવે એટલે કે રૂા.૫,૮૧,૨૪૮–૫૦ ના ખર્ચે ઉકત કામ સોંપવા તથા સુરત મહા.ના અન્ય ઝોન વિસ્તારના સમાન પ્રકારના કામોએ પણ સદર ટેન્ડર હેઠળ મંજુર ભાવોને યુનિટ રેઈટ તરીકે આગામી ૦૧ વર્ષ માટે અથવા નવા યુનીટ રેઈટ મંજુર ન થાય ત્યાં સુધી મંજુર કરવા/માન્ય ગણવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા તથા સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવનાર અન્ય ઈજારદારો પાસે મંજુર થયેલ યુનીટ રેઈટના ભાવે અને શરતોને આધિન કામગીરી સોંપવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૦૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૪–૩–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના જુદા જુદા ઝોન/ખાતાઓમાં ભારે વાહનો ચલાવવાની કામગીરી માટે કરારીય ધોરણેના ડ્રાઈવરો આઉટસોર્સથી પુરા પાડવાના કામે GEM PORTAL પર આવેલ કુલ–૧૭૦ બીડરો પૈકી કવોલીફાય થયેલ કુલ–૮ બીડરો પૈકી GEM પોર્ટલ ઉપર લોટરી સિસ્ટમથી ઓનલાઈન ડ્રો કરતા ઓટો સિલેકટ થયેલ બીડર આર. કે. સિકયુરીટી સર્વિસને કુલ–૪૧૯ ડ્રાઈવરો કરારીય ધોરણે આઉટસોર્સથી ઉકત કામગીરી સોંપવા અંગે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૪) માં જણાવેલ વિગતે નિર્ણય લેવા તથા બીડર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૨૮–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોનમાં આવેલ સુરત મહા.ના વિવિધ રીઝર્વેશન પ્લોટની ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાના કામે આવેલ કુલ–૫ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર એ.એ.બાંભરોલીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૮૩,૩૬,૨૨૬–૦૬ થી ૩૭% નીચા ભાવે એટલે કે રૂા.૧,૧૫,૫૧,૮૨૨–૪૨ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૯–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં પૂર્વ(વરાછા) ઝોન–એ વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૦૪(અશ્વિનીકુમાર–નવાગામ), એફ.પી.એમ/૩ (મીનીબજાર) ખાતે આવેલ સ્વીમીંગ પુલના રીનોવેશન તેમજ સિવિલ, ઈલેકટ્રીકલ, મીકેનીકલ, રીપેરીંગ અને સ્ટ્રકચરલ સ્ટ્રેન્ધનીંગ કરવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર એ એ બાંભરોલીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧,૯૮,૭૮,૭૯૩–૧૨ થી ૨૧.૯૮% નીચા ભાવે એટલે કે રૂા.૧,૫૫,૦૯,૪૩૪–૩૯ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૯–૧–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સાઉથ ઝોન–બી(કનકપુર) માં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૭(જીયાવ–સોનારી–ગભેણી) માં સમાવિષ્ટ જીયાવ ચોકડીથી સાંઈફકીર ક્રિકેટ ગ્રાઉન્ડ થઈ પોલોમી આર.એમ.સી. પ્લાન્ટથી અનુપમ સીટી એપાર્ટમેન્ટ સામેના રસ્તા ઉપર થઈ બમરોલી ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસેની હયાત ખાડી સુધીના ૨૪.૦૦ મી. ટી.પી. રસ્તા ઉપર સ્ટોર્મ ડ્રેનેજ લાઈન નાંખવાના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર આર.એચ.શીંગાળા, સુરતનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૪,૨૩,૦૭,૬૬૫–૧૦ થી ૨૭.૦૧% નીચુ એટલે કે રૂા.૩,૦૮,૮૦,૩૬૪–૭૬ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૪–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા શ્રીમતી નિધિ સિવાચ$_{IAS}$ ને રહેઠાણ માટે વેસુ વિસ્તારમાં ફલેટ નં.સી–૧૦૭, ઓફીરા પોઝ, એટલાન્ટા બિઝનેસ હબની નજીક, વેસુ કેનાલ રોડ, વેસુ સુરત વાળી મિલ્કત મિલ્કતદાર શ્રીમતી શાહ પુનમબેન અંકિતભાઈની તા.૧૯–૩–૨૦૨૫ ની ઓફરમાં જણાવેલ બોલીઓ અને શરતોને આધિન રૂા.૩૭,૦૦૦/– પ્રતિ માસ ભાડુ ચુકવવાની શરતે તા.૨૨–૨–૨૦૨૫ થી ૧૧(અગિયાર) માસ અથવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવતા શ્રીમતી નિધિ સિવાચ$_{IAS}$ રહેઠાણ ખાલી કરે તે સમય બે માંથી જે ઓછો સમય હોય તે સમય પૂરતો તથા ૧૧(અગિયાર) માસ બાદ વધુ મુદત માટે જરૂરીયાત જણાયે સદર મિલ્કત ભાડે રાખવા, તદ્અનુસાર ભાડા કરારની મુદત વધારવા/રીન્યુ કરવા, ભાડાની રકમ વધારવા સહિતના તમામ નિર્ણય કરવા તથા આ અંગે જરૂરી આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા યોગ્ય નિર્ણય લેવા બાબત.

૧૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧–૨૦૨૫ નો પત્ર, SITCO ધ્વારા જણાવ્યા અનુસારની ઈસ્ટ ઝોન વિસ્તારમાં રેલ્વેને સમાંતર ૨૪.૩૮ મી રસ્તાને લાગુ સ્થિત મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (MMTH) પ્રોજેકટના આયોજન અંતર્ગત elevated road ના જાહેર હેતુ માટે ફાઈલના પત્ર વ્ય.વિ. પાના નં.૧૪૩ ઉપર સામેલ નકશામાં પ્રિલીમનરી ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા)(બીજો ફેરફાર) ની ફા.પ્લોટ નં.૨૫ પૈકી(ક્ષે.૨૩.૯૧ ચો.મી.) ગુલાબી રંગની હેચથી દર્શાવ્યા મુજબ તથા ફા.પ્લોટ નં.૨૯/૧ પૈકી(ક્ષે.૭૬૫.૪૭ ચો.મી.) કાળા રંગની હેચથી દર્શાવ્યા મુજબ મળી કુલ ક્ષે.૭૮૯.૩૮ ચો.મી. વાળી જમીન વાટાઘાટથી મેળવી શકાય તેમ નહિ હોવાથી, એકટની કલમ–૭૮ અંતર્ગત "ધી રાઈટ ટુ ફેર કોમ્પનસેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એકવીઝીશન, રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એકટ–૨૦૧૩" હેઠળ ફરજીયાત સંપાદન કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા આ અંગે સરકારશ્રીની જરૂરી મંજુરી મેળવવા સહિતની આગળની જરૂરી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૧૫. મ્યુ.ક.શ્રીનો તા.૩–૨–૨૦૨૫ નો પત્ર, નાયબ કલેકટરશ્રી, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ,"સુડા", સુરતના તા.૨૬–૧૨–૨૦૨૪ ના પત્ર નં.સુડા/યુ–૬/વશી–૧૦૦૯/૨૨૩૨૧ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળ, સુરતની કચેરીએ પ્રતિનિયુકિતના ધોરણે ફરજ બજાવતા સુરત મહા.ના શ્રી વિરલકુમાર પી. પટેલ(કર્મ.નં.૩૭૧૪૧), આસી. ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગની મુદત તા.૨૮–૨–૨૦૨૫ ના રોજ પુરી થતી હોય, સા.સ.ઠ.નં.૧૪/૨૦૧૧ થી નકકી થયેલ શરતો અને બોલીઓને આધિન તથા ઠ.નં.૭૯/૨૦૨૪ સંદર્ભે જુદી જુદી કેડરની જગ્યાઓ પૈકી સુડા ખાતે પ્રતિનિયુકિતના ધોરણે હાલ ફરજ બજાવતા મહા.ના આસી.ટાઉન પ્લાનર–૦૧ ની જગ્યાની મુદત તા.૧–૩–૨૦૨૫ થી વધુ એક વર્ષ માટે લંબાવવા સા.સભાની મંજુરીની અપેક્ષાએ મંજુરી આપવા બાબત.

૧૬. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧૦–૨૦૨૪ નો પત્ર, SITCO ધ્વારા જણાવ્યા અનુસારની ઈસ્ટ ઝોનમાં સૂર્યપૂર ગરનાળાની પૂર્વે તરફે સુરત–કામરેજ વરાછા મેઈન રોડ ઉપર સ્થિત મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ(MMTH) પ્રોજેકટના આયોજન અંતર્ગત elevated road માટે ફાઈલના પત્ર વ્ય.વિ. પાના નં.૧૮૭ ઉપર સામેલ નકશામાં કાળા રંગની હેચથી દર્શાવ્યા મુજબની ફા.ટી.પી.સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૨૬૬/૨(ક્ષે.૧૧૫.૦૦ ચો.મી.) તથા ફા.પ્લોટ નં.૨૬૭(ક્ષે.૫૫.૦૦ ચો.મી.) મળી કુલ ૧૭૦.૦૦ ચો.મી.વાળી જમીનો વાટાઘાટથી મેળવી શકાય તેમ નહિ હોવાથી, એકટની કલમ–૭૮ અંતર્ગત "ધી રાઈટ ટુ કોમ્પન્સેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એકવીઝીશન, રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એકટ–૨૦૧૩" હેઠળ ફરજીયાત સંપાદન કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા આ અંગે સરકારશ્રીની જરૂરી મંજુરી મેળવવા સહિતની આગળની જરૂરી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબતનું કામ આ સમિતિના ઠ.નં.૧૭૦૩/૨૦૨૪ થી મુલતવી રાખ્યા બાદ ફરી રજુ.

૧૭. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૧૦–૨૦૨૪ નો પત્ર, SITCO ધ્વારા જણાવ્યા અનુસારની ઈસ્ટ ઝોન વિસ્તારમાં લંબે હનુમાન રોડ ઉપર સ્થિત મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ(MMTH) પ્રોજેકટના આયોજન અંતર્ગત elevated road માટે ફાઈલના પત્ર વ્ય.વિ. પાના નં.૭૭ ઉપર સામેલ નકશામાં કાળા રંગની હેચથી દર્શાવ્યા મુજબની ફા.ટી.પી.સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૨૭૩/પૈકી ક્ષે.૨૮૬.૦૦ ચો.મી. વાળી જમીન વાટાઘાટથી મેળવી શકાય તેમ નહિ હોવાથી, એકટની કલમ–૭૮ અંતર્ગત "ધી રાઈટ ટુ ફેર કોમ્પન્સેશન એન્ડ ટ્રાન્સપરન્સી ઈન લેન્ડ એકવીઝીશન, રીહેબીલીટેશન એન્ડ રીસેટલમેન્ટ એકટ–૨૦૧૩" હેઠળ ફરજીયાત સંપાદન કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા આ અંગે સરકારશ્રીની જરૂરી મંજુરી મેળવવા સહિતની આગળની જરૂરી તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબતનું કામ આ સમિતિના ઠ.નં.૧૭૦૪/૨૦૨૪ થી મુલતવી રાખ્યા બાદ ફરી રજુ.

૧૮. મ્યુ.ક.શ્રીનો તા.૧૧–૧૨–૨૦૨૪ નો પત્ર, સ્મીમેર હોસ્પિટલ ખાતે સેનીટેશન સર્વીસીસના કામ સંદર્ભે દરખાસ્તના મુદ્દા નં.(૧) થી (૩) માં જણાવેલ વિગતે કાર્યવાહી કરવા બાબતના કામે ઈજારદાર ડી.જી. નાકરાણીને આ સમિતિના ઠ.નં.૨૦૨૯/૨૦૨૪ અનુસાર ફરી સમિતિ રૂબરૂ બોલાવી સાંભળી નિર્ણય લેવા બાબત.

આ દે શ થી,

Sonje.m.P.

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૬–૪–૨૦૨૫.

ANAHITA.